જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૪૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૪૯	૦	૧૪૯	૪૨૮	૦	૪૨૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૭૦૨	૦	૧૦૦૭૦૨	૧૦૯૬૦૬	૦	૧૦૯૬૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧	૧,૦૬,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૪૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ કાર અને ૧ ઈક્કો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૪૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૪૮/૨૦૨૨**

વેજલપુરઃ કૃણાલ ઇશ્વરભાઇ જોષી (ઉ.વ.૩૫) (રહે.ગજાનંદ હીલ ઓમ શાંતિ ગોલ્ડ પ્લસ ભમરીયા કુવા નારોલ) એ તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી એમ.જે.એન્ટર પ્રાઈઝના પ્રોપરાઈટર (૧) જયેશ વિનુભાઈ પ્રજાપતી અને (૨) હેતલબેન જયેશ પ્રજાપતી (બન્ને રહે. ગીગેવ પાર્ક ગાયત્રી સ્કુલ પાસે ખોડીયારનગર) (૩) હરજી ઓધવજી ગોયાણી (રહે. શ્યામવીલા-૨ દેવાસ્ય વિશાલય પાસે નિકોલ રોડ) (૪) મૌલીકભાઇ અજયભાઇ દવે (રહે. ગોકુલ ગેલેક્ષી સોસાયટી ૧૦૮ સર્વિસ સ્ટેશનની બાજુમાં કઠવાડા તા.દસક્રોઇ જી.અમદાવાદ) અને (૫) નિમિતભાઇ હિતેન્દ્રભાઇ પટેલ (રહે. સાક્ષાત એપાર્ટમેન્ટ બકેરી સીટીની અંદર વેજલપુર) એ ભેગા મળી શ્રેયસ કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૧૧૫ માસ ફાઇનાન્સ સર્વિસીસ પ્રા.લી.કંપની ખાતેથી માસ ફાઇનાન્સમાંથી વરમ કટીંગ એન્ડ નોન વુવેન ફેબ્રીક મશીનની રૂપિયા ૭૨,૭૮,૦૦૦/- લોન મંજુર કરાવી મેળવી લઈ કંપની સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૨૪૯/૨૦૨૨**

સોલા હાઈકોર્ટઃ ભક્તિભાઈ રામદાસ પ્રજાપતિ (રહે.શ્યામ સત્તાધાર સોસાયટી સર્વોદય વિભાગ-૨ ની બાજુમાં સોલા) એ આજરોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના મકાનના દરવાજાનો નકુચો/તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮,૮૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

આંગણવાડીમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૫૦/૨૦૨૨**

ઓઢવઃ જનકબહેન વા/ઓ નરેન્દ્રભાઇ ઝાલા (રહે. સિધ્ધનાથ મહાદેવ મંદિર પાસે સીંગરવા સરકારી હોસ્પીટલ પાસે સીગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૨ બપોરના ૩/૪૫ થી તા.૧૫/૧૨/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ સીંગરવા ગ્રામ પંચાયત પાસે આવેલ સીંગરવા આંગણવાડી કેન્દ્ર નંબર ૬-૭ ના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ આંગણવાડીમાં પ્રવેશ કરી સ્ટોરરૂમમાંથી ગેસના બાટલા નંગ-૨ કિમત રૂપિયા ૪૦૦૦/-, તેલના ડબ્બા નંગ-૪ કિમત રૂપિયા ૮૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

સ્કુલમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૫૧/૨૦૨૨**

નરોડાઃ વિજયભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે.વેદાંત સ્કાય ફોર્ચ્યુન સર્કલ પાસે નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૧૫/૧૨/૨૦૨૨ કલાક ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા હંસપુરા ખાતે આવેલ એસ.પી.જેનેસીસ સ્કુલના પાછળના દરવાજાના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ સ્કુલની ઓફિસમાં પ્રવેશ કરી કોમ્પ્યુટર તોડી નુકશાન કર્યુ હતું તેમજ તિજોરીનું તાળું તોડી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જે.ભાટિયા ચલાવે છે.

સોનાનો દોરો ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૨૫૨/૨૦૨૨**

વાડજઃ હંસાબહેન વા/ઓ કૌશિકભાઈ ગજ્જર (ઉ.વ.૬૧) (રહે. ન્યુ વિધ્યાવિહાર ઈશ્વરભાઈ બગીચા પાસે રાણીપ) તા.૧૩/૧૨/૨૦૨૨ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે ગણેશ કોલેજ સામે નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ હંસાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હંસાબહેન ગજ્જરે તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૫૩/૨૦૨૨**

એરપોર્ટઃ દિપક ઉર્ફે દિપુ સ/ઓ હરેશભાઇ વાઘડીયા (રહે. ભીલવાસ પાણીની ટાંકી પાસે સરદારનગર) એ તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૩૦ થી તા.૦૭/૧૨/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ ફોર્ચ્યુનર કાર નંબર જીજે ૦૧ કેયુ ૧૧૩૭ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૫૪/૨૦૨૨**

"એમ" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ દિલાવરખાન રસુલખાન પઠાણ (ઉ.વ.૫૧) (રહે. સંકલીતનગર વેજલપુર) તા.૧૫/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સરખેજ અંબર ટાવરથી ધોળકા તરફ જતા હોટલ રોયલ સામે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એએમટીએસ બસ નંબર જીજે ૦૧ કેટી ૦૫૫૯ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા બસનુ ટાયર માથા ઉપર ફરી વળતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર દિલાવરખાન પઠાણના ભત્રીજા મોંહમદખાન અનવરખાન પઠાણે "એમ" ટ્રાફીક ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

પતંગ ચગાવતા પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૫૫/૨૦૨૨**

ઘાટલોડીયાઃ (૧) નિર્મલાબહેન વા/ઓ કાળુજી ઠાકોર (ઉ.વ.૪૦) અને (૨) જીનલબહેન કાળુજી ઠાકોર (ઉ.વ.૧૨) (બન્ને રહે. નયના ફલેટ શર્મિલા રો- હાઉસ સામે ત્રી-મુર્તી ફ્લેટ પાસે સુખીપુરા મેમનગર) તા.૧૪/૧૨/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બન્નેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૫૬/૨૦૨૨**

રિવરફ્રંટ વેસ્ટઃ જયકુમાર પંકજભાઈ સુથાર (ઉ.વ.૨૩) (રહે. કેન્સાસ દેવશ્ય માન સરોવર ફ્લેટ સામે રતનપુરા ગામ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૨/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા ફ્લાવર ગાર્ડન પાછળ સીડી નંબર-૪૨ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવંતભાઈ રત્નાભાઈ ચલાવે છે.

સાબરમતીઃ રાજીવરંજન રત્નેશ્વર ઝા (ઉ.વ.૪૨) (રહે. તિરૂપતિ સોસાયટી જી.એસ.ટી.ક્રોસીંગ પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી